કપડવંજ સહિત આસપાસના વિસ્તારોના વિકાસ માટે રેલવે ટ્રેકનું વિસ્તરણ જરૂરી

નડિયાદ-કપડવંજ-મોડાસા રેલવેને દિલ્હી સુધી જોડવા 'કાકા'નું આંદોલન

કપડવંજના 80 વર્ષિય મહેશભાઈ ત્રિવેદીએ રેલવેના વિકાસ માટે વડોદરા કચેરીએ ઉપવાસ શરૂ કર્યા

(પ્રતિનિધિ) કપડવંજ તા.1

કપડવંજના હિત અને વિકાસ માટે 80 વર્ષની વયે પણ એક વૃદ્ધ સામાજિક કાર્યકરની નિઃસ્વાર્થ સેવાએ પંથકના રાજકીય આગેવાનોને અરીસો બતાવ્યો છે. 'કાકાના ખમણ' વેચીને સંઘર્ષમય જીવન જીવતા મહેશભાઈ ત્રિવેદીએ નડિયાદ-કપડવંજ રેલવે લાઈનને પુનઃ સ્થાપિત કરી તેને વાયા ટીટોઈ થઈ દિલ્હી સુધી લંબાવવાની માંગ સાથે વડોદરા રેલવે વિભાગની કચેરી ખાતે આંદોલનનો રણકાર કર્યો છે.

કપડવંજના મહંમદમુરાદના ખાંચામાં રહેતા અને સાયકલ પર ખમણ વેચતા મહેશભાઈ રમેશચંદ્ર ત્રિવેદી, જેઓ નગરમાં 'કાકા'ના હુલામણા નામથી જાણીતા છે, તેઓ કપડવંજ સહિત આસપાસના વિસ્તારોના વિકાસ માટે મેદાને પડ્યા છે. કપડવંજ - નડિયાદ રેલવે લાઈનને પુનઃ ચાલુ કરી તેને મુંબઈ-દિલ્હી લાઈન સાથે જોડવા માટે તેમણે વડોદરા રેલવે વિભાગની કચેરીએ ધોમધખતા તાપમાં ઉપવાસ શરૂ કરવાની જાહેરાત કરી છે.

માત્ર ફોટો સેશનમાં વ્યસ્ત રહેતા અને ચૂંટણી સમયે મતની ભીખ માંગવા આવતા રાજકીય આગેવાનો સામે મહેશભાઈએ એકલવીરની જેમ લડત આદરી છે. આ નિઃસ્વાર્થ સેવા જોઈને નગરજનોમાં પણ ભારે ચર્ચા જાગી છે. આગામી નગરપાલિકાની ચૂંટણીઓમાં ભ્રષ્ટ ઉમેદવારોને બદલે આવા પ્રામાણિક અને સેવાભાવી કાર્યકરોને સત્તા સોંપવા માટે પ્રજાજનો મન બનાવી રહ્યા હોય તેવું જણાઈ રહ્યું છે.

ચરોતરના 4 અધિકારીને વર્ગ-1માં બઢતી અપાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે ટીડીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી સાથે બદલી કરાઈ છે.

ખેડા અને આણંદ જિલ્લાના વહીવટી તંત્રમાં મહત્વના ફેરફારો થયા છે. જેમાં વસો ટીડીઓ પારસ અશોક ચૌહાણને વડોદરા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી, કપડવંજ ટીડીઓ બીપીન બચુભાઈ પરમારને ખેડામાં જ નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ગળતેશ્વર ટીડીઓ માધુરીબેન કે. પટેલની બઢતી સાથે કચ્છ ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે કરજણ ટીડીઓ જૈમિની દિપકકુમાર પટેલને ખેડામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે.

ખેડામાં ચૈત્ર પૂર્ણિમાની ભવ્ય ઉજવણી: 400 કિલો દ્રાક્ષનો મનોરથ અને પુષ્પાભિષેક યોજાયો





ખેડા સ્થિત મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્ય ધામ ખાતે ચૈત્ર સુદ પૂર્ણિમાના પવિત્ર અવસરે સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઘનશ્યામ પ્રભુના છઠ્ઠી ઉત્સવ નિમિત્તે 400 કિલોથી વધુ લીલી દ્રાક્ષનો મનોરથ, સમૂહ રાસોત્સવ અને ભગવાનનો મહા પુષ્પાભિષેક યોજાયો હતો. આ પ્રસંગે મંદિરના મહંત મુનિશ્વર દાસજી અને અન્ય સંતોની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં બાવળા, અમદાવાદ, વડોદરા અને આણંદ સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. **તસવીર : પ્રજ્ઞેશ ભાવસાર**

પિતા અને પુત્રે આઈસર વેચીને ફરી છીનવી લીધી

ખરીદનારના રૂ. 5.02 લાખ પચાવી પાડી પિતા-પુત્ર ગાડી લઈ રફુચક્કર થયાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.1

લુણાવાડા એપીએમસી માર્કેટ પાસે અગાઉ વેચાણ કરેલી આઈસર ગાડીને હપ્તા ન ભરવાના ખોટા બહાને બળજબરી પૂર્વક પરત મેળવી પાંચ લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ બન્યો હતો.

ગોધરાના ધાણીત્રામાં રહેતા રોહિતકુમાર ચૌહાણે ચંદુભાઈ જેઠાભાઈ બારીયા પાસેથી મિનીટ્રક રૂ. 7,56,151માં રાખ્યો હતો. આ સોદા પેટે રોહિતકુમારે રૂ. 1,01,151 બાનાખત તરીકે ચૂકવ્યા હતા અને બાકીની રકમ હપ્તેથી ચૂકવવાનું નક્કી કરી લખાણ કર્યું હતું.

દરમિયાનમાં 4થી જાન્યુઆરી 2026ના રોજ જ્યારે રોહિતકુમાર લુણાવાડા એપીએમસી માર્કેટમાં ડાંગર ભરવા ગયા હતા, ત્યારે ગાડી વેચનાર ચંદુભાઈ બારીયા અને તેમનો પુત્ર મેહુલભાઈ ત્યાં ધસી આવ્યા હતા. તેમણે હપ્તા કેમ ભરતા નથી ? તેમ કહી રકઝક કરી હતી. રોહિતકુમારે નિયમિત હપ્તા ભરતા હોવાની સ્પષ્ટતા કરી હોવા છતાં, પિતા-પુત્ર કશું જ સાંભળ્યા વગર બળજબરીથી આઈસર હંકારી ગયા હતા. જ્યારે રોહિતકુમારે પોતાની ચૂકવેલી રૂ. 5,02,501ની રકમ પરત માંગી, ત્યારે ચંદુભાઈએ પૈસા આપવાની ના પાડી દાદાગીરી કરી હતી. આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતા રોહિતકુમારે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પહેલી એપ્રિલથી 30મી એપ્રિલ સુધી ઓનલાઇન નોંધણી થશે

મહિસાગરમાં ટેકાના ભાવે બાજરી, જુવાર અને મકાઈની ખરીદી કરાશે

બાજરી અને જુવાર પર પ્રતિ ક્વિન્ટલ રૂ. 300નું બોનસ મળશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.1

રાજ્યના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટિંગ સીઝન 2026-27 અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર અને મકાઈની સીધી ખરીદી કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. આ ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે કરવામાં આવશે.

ભારત સરકાર દ્વારા રવિ સીઝન માટે બાજરીના રૂ. 2775, જુવાર (માલદંડી) ના રૂ. 3749, જુવાર (હાઈબ્રીડ) ના રૂ. 3699 અને મકાઈના રૂ. 2400 પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરવામાં આવ્યા છે. ખેડૂતોના આર્થિક હિતમાં સરકારે બાજરી અને જુવારની ખરીદી પર ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ રૂ. 300 વધારાના બોનસની પણ જાહેરાત કરી છે.

ટેકાના ભાવે અનાજ વેચવા ઈચ્છતા ખેડૂતોએ 1લી એપ્રિલ, 2026 થી 30મી એપ્રિલ, 2026 દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. નોંધણી કરાવેલ ખેડૂતોને ખરીદી અંગેની જાણ SMS દ્વારા કરવામાં આવશે. ખરીદી સમયે પણ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન જરૂરી રહેશે અને ખોટા દસ્તાવેજો જણાયે નોંધણી રદ કરવામાં આવશે, જેની ખેડૂત મિત્રોએ ખાસ નોંધ લેવી.

જરૂરી દસ્તાવેજો નોંધણી માટે જરૂરી પુરાવા

આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮/અ (જો પાકની નોંધ ન હોય તો તલાટીનો દાખલો), બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક.

બાલાસિનોરમાં પિસ્ટલ અને કારતુસ સાથે શખ્સ ઝડપાયો

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે શંકાસ્પદ કારમાંથી હથિયાર કબજે કર્યું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.1

મહીસાગર જિલ્લાની એસઓજી પોલીસે અમદાવાદ - બાલાસિનોર રોડ પર આવેલી ગ્રીનલેન્ડ ચોકડી પાસે વોચ ગોઠવી એક શંકાસ્પદ કારમાંથી ગેરકાયદેસર દેશી પિસ્ટલ અને પાંચ જીવતા કારતુસ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એસઓજી પોલીસે બાતમીના આધારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે તપાસ હાથ ધરી હતી, જેમાં કથરજીનામુવાડાના વતની મનીષભાઈ કમલેશભાઈ ઉર્ફે જગદીશભાઈ મહેરા નામના શખ્સને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી એક દેશી પિસ્ટલ અને 5 નંગ કારતુસ મળી આવ્યા હતા. પકડાયેલ ઈસમ પાસે આ હથિયાર રાખવાનો કોઈ આધારભૂત પરવાનો મળી આવ્યો ન હતો. જ્યારે પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે આ પિસ્ટલ ચારેક વર્ષ પહેલાં મધ્યપ્રદેશથી પોતાના અંગત વપરાશ માટે ખરીદી હતી.

આથી, પોલીસે ઘટનાસ્થળેથી પિસ્ટલ, કારતુસ, કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 15,45,500નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે એસઓજીએ પકડાયેલ ઈસમ વિરુદ્ધ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

એસ.પી. યુનિવર્સિટી અને અમેરિકાના વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ વચ્ચે ઐતિહાસિક કરાર કરાયાં

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જૈન મૂલ્યોના પ્રસાર માટે અમેરિકાના વર્ધમાન ટ્રસ્ટ સાથે મહત્વના શૈક્ષણિક કરાર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત યુનિવર્સિટીમાં 6 માસનો 'જૈન સ્ટડીઝ સર્ટિફિકેટ કોર્સ' શરૂ થશે, જેમાં અહિંસા અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતોનું શિક્ષણ અપાશે. વર્ધમાન ફાઉન્ડેશન દ્વારા આ પહેલ માટે 51 લાખનું દાન જાહેર કરાયું છે અને કોર્સ પૂર્ણ કરનાર દરેક વિદ્યાર્થીને પાંચ હજારની શિષ્યવૃત્તિ મળશે. વિશ્વભરમાં જૈન સ્વાધ્યાય માટેની આ 57મી ચેર છે, જે કુલપતિ પ્રોફ. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ નૈતિક શિક્ષણને વેગ આપશે.

ચારુસેટ અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડ વચ્ચે શૈક્ષણિક સહકાર માટે કરાર કરાયાં

આણંદ | ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડ વચ્ચે શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે સહકાર વધારવા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર અંતર્ગત બંને સંસ્થાઓ વચ્ચે સંયુક્ત સંશોધન, સ્ટુડન્ટ-ફેકલ્ટી એક્સચેન્જ તેમજ સેમિનાર અને કોન્ફરન્સ જેવા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ચારુસેટના રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ અને ગાંધીધામ કોલેજીયેટ બોર્ડના વહીવટી વડા શ્રી રાજેન્દર અસ્વાની દ્વારા આ મહત્વપૂર્ણ શૈક્ષણિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ભાગીદારીથી ગાંધીધામની 7 કોલેજો અને ચારુસેટના મળીને કુલ 20,000 થી વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને જ્ઞાનના વિનિમયનો સીધો લાભ પ્રાપ્ત થશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

બીવીએમના વિદ્યાર્થી વ્રજ ઉપાધ્યાયને સતત બીજા વર્ષે પ્રતિષ્ઠિત 'માઈક્રોસોફ્ટ MVP' એવોર્ડ એનાયત

આણંદ | બીવીએમ કોલેજના આઈટી વિભાગના વિદ્યાર્થી વ્રજ ઉપાધ્યાયને ટેકનોલોજી ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ સતત બીજા વર્ષે Microsoft MVP એવોર્ડ પ્રાપ્ત થયો છે. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલ અને આઈટી હેડ ડો.કેયુર બ્રહ્મભટ્ટે પ્રો. પ્રિયંક ભોજકના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ વિદ્યાર્થીની આ સિદ્ધિને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ એવોર્ડ અંતર્ગત વિદ્યાર્થીને Microsoft ના નવા પ્રોડક્ટ્સનો વહેલો એક્સેસ, નિષ્ણાતો સાથે સીધો સંવાદ અને Microsoft 365 સબ્સ્ક્રિપ્શન જેવા વિશેષ ટેકનિકલ લાભો મળશે. અધ્યક્ષ ભીખુભાઈ પટેલે આ સિદ્ધિ બદલ વિદ્યાર્થી અને સંસ્થાની ટેકનિકલ ઉત્તમતા તરફના પ્રયત્નોને પ્રોત્સાહિત કર્યા છે.

આઈઆઈસીપી ખાતે 'ફાર્મા 5.0 અને એઆઈ' વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ

આણંદ | ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી ખાતે 'ફાર્મા 5.0: ભવિષ્યના આરોગ્ય સંભાળ માટે AI અને ટકાઉ નવીનતાઓ' વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ સફળતાપૂર્વક સંપન્ન થઈ. GUJCOST પ્રાયોજિત આ કાર્યક્રમમાં CVMU ના પ્રોવોસ્ટ ડો. ઈન્દ્રજીત પટેલ અને સન ફાર્માના ડો. મુરલીધર ઝોપેએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વધતી જતી અસર અને સુસંગતતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. પરિષદના વિવિધ ટેકનિકલ સત્રોમાં ડ્રગ ડિસ્કવરી, ક્લિનિકલ પ્રેક્ટિસ અને ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટમાં AI ના ઉપયોગો અંગે નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

વાસદની એસવીઆઈટી કોલેજ ખાતે રક્તદાન શિબિરમાં 111 યુનિટ રક્ત એકત્ર થયું

આણંદ | વાસદની એસવીઆઈટી કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન કુલ 111 યુનિટ રક્ત એકત્ર થયું હતું, જેમાં વિશેષત: પ્રથમ વખત રક્તદાન કરનારા યુવા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ડો.વિકાશ અગ્રવાલે 50મી વખત રક્તદાન કરીને એક પ્રેરણાદાયી અને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન ભાસ્કરભાઈ પટેલ સહિતના ટ્રસ્ટીગણ અને મહાનુભાવોએ હાજર રહીને રક્તદાતાઓ અને NSS સ્વયંસેવકોને બિરદાવી હતી.

મહિસાગરના દીવડા કોલોની ખાતે 'નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ 2.0'નો ભવ્ય પ્રારંભ

સંતરામપુર | દીવડા કોલોનીના ક્રિકેટ મેદાન પર રવિવારે મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં 'નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ 2.0'નો રંગેચંગે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય કુબેરભાઇ ડિંડોરે રમતગમત દ્વારા યુવાનોમાં શિસ્ત અને એકતા વધારવા પર ભાર મૂકી, બેટિંગ-બોલિંગ દ્વારા આ ટુર્નામેન્ટને ખુલ્લી મૂકી હતી. જાણીતા કલાકાર મુકેશ ગઢવીએ 'શહેનશાહ' ના અંદાજમાં એન્ટ્રી કરીને ખેલાડીઓ અને રમતપ્રેમી જનતામાં અનેરું આકર્ષણ અને ભારે ઉત્સાહ જગાડ્યો હતો. આ ઉદ્ઘાટન પ્રસંગે ભગવતસિંહ બાપુ અને અજયપાલસિંહ જેવા અનેક રાજકીય અગ્રણીઓએ હાજર રહીને ખેલાડીઓની ખેલદિલીને પ્રોત્સાહિત કરી હતી.

બાકરોલ સ્થિત સ્પેક ખાતે હાઈબ્રીડ મોડમાં વાલી મીટિંગનું સફળ આયોજન કરાયું

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સ્પેક સંકુલની એમએસસી આઈટી કોલેજ ખાતે વિદ્યાર્થીઓની પ્રગતિની સમીક્ષા કરવાના હેતુથી વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હાઈબ્રીડ મોડમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વાલીઓએ અધ્યાપકો સાથે સંવાદ કરી પાત્યની શૈક્ષણિક પ્રગતિ જાણી તેમજ સંસ્થાના વિકાસ માટે જરૂરી સૂચનો આપ્યા હતા. આચાર્ય ડો. મુકુંદચંદ્ર ઠાકુર અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી જોડાયા હતા. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પીજની પીએમશ્રી શાળાના વિદ્યાર્થીઓએ ગાંધીનગર સાયન્સ સીટીમાં મેળવ્યું જ્ઞાન

આણંદ | ભારત સરકારની પીએમશ્રી યોજના હેઠળ પસંદ થયેલા પીજ શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સીટીનો વિશેષ પ્રવાસ યોજાયો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ એ રોબોટિક, સ્પેસ અને એક્વેટીક ગેલેરી નિહાળી નિષ્ણાતો દ્વારા નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ અદભુત ડ્રોન શોની મજા માણી વિદ્યાર્થીઓએ પ્રાયોગિક શિક્ષણ દ્વારા કાયમી જ્ઞાન મેળવવાનો અનુભવ કર્યો હતો. શાળાના આચાર્ય સંદીપભાઈ અને એસએમસીએ શિક્ષણને આધુનિક બનાવતી આ યોજના બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત અને વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

કપડવંજ | શ્રી છ ગામ ગોળ તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા આયોજિત સમૂહ યજ્ઞોપવિત અને વડીલ વંદના કાર્યક્રમમાં 12 બટુકોને જનોઈ સંસ્કાર આપવામાં આવ્યા હતાં. આ પ્રસંગે સમાજના 92 વડીલોનું સન્માન કરાયું હતું અને 1200 જેટલા ભૂદેવોએ ઉપસ્થિત રહી બ્રહ્મભોજનનો લાભ લીધો હતો. ભરતભાઈ રાવલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ડો. ઈલાબેન ઠાકર અને મનોહરસિંહ ઝાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. નવીનભાઈ સેવક અને અનિલ સેવકની ટીમ દ્વારા સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

કપડવંજમાં ભગવાન મહાવીર સ્વામીના 2625મા જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી

કપડવંજ | કપડવંજમાં આચાર્ય શિલચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અને સાધ્વીજી પિયુષપુણાં શ્રીજી મહારાજની નિશ્રામાં ભગવાન મહાવીર સ્વામીના 2625મા જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ પવિત્ર પ્રસંગે જૈન સંઘના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉમટી પડીને પ્રભુ ભક્તિનો લાભ લીધો હતો અને નગરના માર્ગો ભક્તિભાવથી ગુંજી ઉઠ્યા હતાં. આ દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો અંતર્ગત વ્યાખ્યાન અને બપોરે પંચકલ્યાણકની પૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જીવદયાના કાર્ય રૂપે પાંજરાપોળમાં પશુઓને ઘાસચારો અર્પણ કરી શ્રદ્ધાળુઓએ મંગલકારી દિવસની સાર્થક ઉજવણી કરી હતી.

ક્યુપિડ લિમિટેડનું ઇતિહાસમાં સૌથી મજબૂત ત્રિમાસિક પ્રદર્શન, વાર્ષિક માર્ગદર્શનને વટાવવાની તૈયારી

વડોદરા | પ્રીમિયમ મેલ અને ફીમેલ કોન્ડોમ, વોટર-બેઝ્ડ લુબ્રિકન્ટ્સ, આઈવીડી કિટ્સ તથા વિવિધ એફએમસીજી ઉત્પાદનો બનાવતી ક્યુપિડ લિમિટેડે તેના ઇતિહાસમાં સૌથી મજબૂત ત્રિમાસિક પ્રદર્શન નોંધાવ્યું છે. કંપની નાણાકીય વર્ષ 2026 માટે જાહેર કરાયેલ ₹ 335 કરોડ આવક અને ₹ 100 કરોડ ચોખ્ખા નફાના વાર્ષિક માર્ગદર્શનને સરળતાથી વટાવી જવાની સ્થિતિમાં છે. મજબૂત અમલીકરણ, વધતી માંગ અને ઓપરેટિંગ લીવરેજ કંપનીના પ્રદર્શનને ટેકો આપી રહ્યા છે. કંપનીએ નાણાકીય વર્ષ 2027 માટે ઓછામાં ઓછા ₹ 600 કરોડ આવક અને 30 ટકા કરતાં વધુ ચોખ્ખા નફાના માર્જિનનું લક્ષ્ય વ્યક્ત કર્યું છે. પૂરતા કાચા માલના જથ્થા, અનુકૂળ ડોલર-રૂપિયા વિનિમય દર અને મજબૂત નિકાસ વૃદ્ધિના કારણે કંપનીને આગામી મહિનાઓ માટે સારી વિઝિબિલિટી મળી રહી છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય કુમાર હલવાસિયાએ જણાવ્યું કે વૈશ્વિક બજારમાં વધતી માંગ અને મજબૂત બિઝનેસ મોડેલ કંપનીના સતત વિકાસ માટે સકારાત્મક સંકેત આપે છે.